ગોબરગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરી (રબડી) ની સેન્દ્રિય ખાતર તરીકેની ગુણવતા અને ઉપયોગીતા

ગોબર ગેસ રબડીના થતા ફાયદાઃ

(૧) પાક ઉત્પાદનમાં વધારોઃ

**કોઠા નં.-૧: બાયોગેસ રબડીથી પાક ઉત્પાદનમાં થયેલ વધારો**

| અ.નં. | પાક | ઉત્પાદનમાં થયેલ વધારો (%) |
|---|---|---|
| ૧ | મગફળી | ૧૭.૯ |
| ૨ | કપાસ | ૧૭.૧ |
| ૩ | ઘઉં | ૧૫.૮ |
| ૪ | મકાઈ | ૧૮.૪ |
| ૫ | ડાંગર | ૧૦.૯ |
| ૬ | બાજરી | ૧૫.૧ |
| ૭ | રીંગણ | ૬.૦ |
| ૮ | ટમેટા | ૧૨.૦ |
| ૯ | લસણ | ૧૦.૫ |

**કોઠા નં.-૨ : ગોબર ગેસ રબડીની બાજરાના ઉત્પાદન ઉપર અસર**

| માવજત | છોડની ઉંચાઈ સે.મી. | ફૂટની સંખ્યા | અસરકારક ફૂટની સંખ્યા | ડૂંડાની લંબાઈ સે.મી | પ્રોટીનનાં ટકા | દાણાનું ઉત્પાદન ક્વિ./હે. |
|---|---|---|---|---|---|---|
| ગો.ગે.ર. ના$_{૮૦}$ | ૧૬૪ | ૪.૮ | 3.0 | ૧૮.૭ | ૧૦.3 | ૪3.૨ |
| ગો.ગે.ર. ના $_{૪૦}$ યુ ના$_{૪૦}$ | ૧૬3 | ૫.૪ | 3.૯ | ૧૮.૫ | ૧૧.૬ | ૪૫.૬ |
| ગો.ગે.ર. ના$_{૨૦}$ યુ ના$_{૬૦}$ | ૧૬૬ | ૪.૯ | 3.3 | ૧૮.3 | ૧૧.૧ | ૪૪.૦ |
| ક.ગે.ખા. ના$_{૮૦}$ | ૧૫૪ | ૪.૪ | ૨.૮ | ૧૮.૦ | ૯.૨ | 3૫.૬ |
| ક.ગે.ખા. ના$_{૪૦}$ યુ ના$_{૪૦}$ | ૧૫૮ | ૫.૧ | 3.૧ | ૧૮.૧ | ૧૦.૭ | ૪૨.૧ |
| ક.ગે.ખા. ના$_{૨૦}$ યુ ના$_{૬૦}$ | ૧૬૫ | ૫.૫ | 3.૬ | ૧૮.૪ | ૧૦.૨ | ૧૪.૬ |
| છા.ખા. ના$_{૮૦}$ | ૧૫૪ | ૪.૭ | 3.0 | ૧૮.૦ | ૯.3 | 3૫.૬ |
| છા.ખા. ના$_{૪૦}$ યુ ના$_{૪૦}$ | ૧૬૦ | ૫.૦ | 3.૧ | ૧૮.૮ | ૧૧.3 | ૪3.૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| છા.ખા. ના$_{૨૦}$ યુ ના$_{૬૦}$ | ૧૬૪ | ૫.૦ | ૩.૧ | ૧૮.૫ | ૧૦.૬ | ૪૩.૨ |
| યુરીયા ના$_{૮૦}$ | ૧૬૧ | ૫.૨ | ૩.૨ | ૧૮.૨ | ૧૧.૬ | ૪૨.૬ |
| નાઈટ્રોજન વગર | ૧૪૪ | ૩.૮ | ૨.૧ | ૧૬.૧ | ૮.૭ | ૩૧.૨ |

૨. નિંદામણ થતુ નથી.

૩. જમીનની તંદુરસ્તી વધારે

૪. સારૂ અને ઝડપથી કંમ્પોસ્ટ ખાતર બનાવવ

૫ . અન્ય ફાયદાઓ

અ. વાયુની હાજરીમા સેન્દ્રિય પદાર્થમાથી ખાતર બને છે ત્યારે ૫૫ % સેન્દ્રિય પદાર્થ ઘટે છે. તેમજ ૩૦ થી ૫૦ % નાઈટ્રોજન ઘટે છે.

બ. વાયુની ગેરહાજરીમાં સેન્દ્રિય પદાર્થમાથી ખાતર બને છે ત્યારે ૨૫ થી ૩૦ % સેન્દ્રિય પદાર્થ ઘટે છે અને નાઈટ્રોજન ઘણો જ ઓછો ઘટે છે.

ક. સેન્દ્રિય પદાર્થનાં વિઘટનથી બનતુ ખાતર એમોનીકલ નાઈટ્રોજનનાં રૂપમાં નાઈટ્રોજન હોય છે. વાયુની હાજરીમાં બનતા ખાતરમાંથી આ એમોનીકલ નાઈટ્રોજન ઝડપથી હવામાં ઉડી જાય છે.

ડ. બાયોગેસમાથી નીકળતી રબડી સહેજ ભાસ્મિક હોવાથી ટોટલ નાઈટ્રોજનનું ૧૫ થી ૧૮ % રૂપાંતર એમોનીયામાં થાય છે.

ઈ. જમીનમાં રાસાયણિક ખાતર અને ગોબર ગેસ રબડીમાં થી નાઈટ્રોજનની રીકવરીની સરખામણી કરીએ તો ગોબર ગેસ રબડીમાથી નાઈટ્રોજનની રીકવરી ૧૫% વધારે થાય છે.

**રબડીને કામમાં લેવાની રીત**

(૧) લીલી રબડી :

બાયોગેસ પ્લાનમાંથી નિકળતી રબડીને સીધી-પિયતના પાણીમાં મિશ્રિત કરીને પણ વાપરી શકાય છે. આ રબડી બિયારણ વાવતા પહેલા ઉપયોગ કરવો જોઈએ કારણ કે તાજી રબડીમાં થોડા પ્રમાણમાં હાઈડ્રોજન સલ્ફાઈડ ગેસ હોય છે. જે કુમળા છોડને નુકશાન પહોંચાડી શકે છે. અથવા તો રબડીને બે - ત્રણ દિવસ રાખીને પાણીમાં ભેળવી ને વાપરવી.

(૨) સુકી રબડી :

રબડીને સુકવ્યા પછી ખાતર તરીકે કામમાં લઈ શકાય છે. જેથી પાકની ઉપજમાં સારો વધારો થાય છે અને રાસાયણીક ખાતરનો વપરાશ ઓછો થાય છે.